શ્રી ગણેશાય નમઃ

અમ્રત રસ

ભજનાવળી.

રચનાર તથા છપાવિ પ્રસીદ્ધ કરનાર

વહીવંચા બારોટ.

રેવાજી ભગવાનજી.

(અને)

સોમાજી રેવાજી

ઠે. અમદાવાદ દીલીદરવાજે માળીવાડાની

પોળ પાસે ખડકીમાં.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા એક્ટ પ્રમાણે

રજીસ્ટર કરાવ્યું છે

અમદાવાદ

સીવીલ હાસ્પીટાલ સામે પાનાભાઈની વાડીના મેડા ઉપર

વિશ્વેશ્વર પ્રેસમાં ઈશ્વરદાસ જેકીસનદાસે છાપી

સવત ૧૯૭૨ સન ૧૯૧૬

કીંમત ૩ આના.

શ્રી ગણેશાય નમઃ

અમ્રત રસ

ભજનાવળી.

રચનાર તથા છપાવિ પ્રસીદ્ધ કરનાર

વહીવચા બારોટ.

રેવાજી ભગવાનજી.

(અને)

સોમાજી રેવાજી.

ઠે. અમદાવાદ દીલીદરવાજે માળીવાડાની

પોળ પાસે ખડકીમાં.

અમદાવાદ

સીવીલ ઇસ્પીતાલ સામે પાનં ભાઇની વાડીના મેડા ઉપર

વિશ્વેશ્વર પ્રેસમા ઇશ્વરદાસ જેકરણદાસે છાપી.

સંવત ૧૯૭૨ સન ૧૯૧૬

અર્પણ પત્રીકા.

શ્રી મહાન ભક્ત મણીલાલજી, આપે ભક્તિ રૂપી ભંડાર ઉઘાડી કળિયુગના વિચીત્ર આવર્ગોની જાળ છીન્ન ભીન્ન કરી સંસાર સમુદ્રમાં ડુબતા કઈક જનોને આપે રામ રૂપિ નાવ તરવા આપો છો વળી આપ એંડો જીવોને સિધે રસ્તે દોરી ભક્તિ રસના અનુભવિ કરો છો કળિયુગના જનુનિ રાજ સત્યામાં જ્ઞાન વૈરાગ બળહીન થએલઃ ભક્તિ ત્રાહ ત્રાહ પોકારતી પૃથ્વિ પર પડેલી તેઓને આપ શ્રી રામચંદ્રજીના ગુણગાઈ આનંદ ઉપજાવો છો તો મારી યથા શક્તિ પ્રમાણે આ લઘુ પુસ્તક નામે અંમ્રતરશ કે જેમાં પ્રભુનો મહિમા ભક્તિ રશથી ભરપુર આપના શાક્ષાત શ્રી હરિહર માહારાજના મંદિરમાં પધરાવુછું એજ વિનંતી છે ન પાંચસે પ્રતના સર્વ હકક સ્વાધિન ॥ લિ શ્રી હરિહરના દાસાનુંદાસ બારોટ રેવાજી ભગવાનજી (અને) સોમાજી રેવાજી ઠે. અમદાવાદ સાપર ઘાસમની ખડકી ગ.રે. માળીવાડાની પોળ પાસે ખડકીમાં

મેહેરબાન મોરબીઓ પંડીતો કવેશ્વરો સાણા સુજન જનોને નમ્ર કરી કહુ છુ કે–આ ચોપડી અદ્ભૂત રસ ભજનાવળી કરી તે ઉર વિશે આનંદ હરી હર ભગવાન ઉપર આ દરીને કેસવ કીરપાથી બનાવી છે; અને વિનંતી કે રામ નામનો સીધુ સરૂપી છે. પણ મારી લઘુ બુધીથી જે કાવ્ય બની હોય તેમાં ભુલ ચુક હોય તે, સુધારી વાંચવા કીરપા કરશો લી સે વહીવંચા બારોટ રેવાજી ભગવાનજી અમારાં નામ ત્રણ લખાય છે. પણ આ રેવા નામથી પ્રસીધ કરૂ છું તે વાંચી અમારા ઉપર રેમ રાખી કીરપા કરસો ઠે. સ પર હલમની ખડકી પાસે સાળાવાડાની પોળની જોડે ખડકીમાં.

અમ્રત રસ ભજનાવળી.

ગજલ ૧

આનંદે ભવસુત આવો; માહા મગલ કરતા છો:
વદન લંબોદર વારી, હેતે કસ્ટને હરતા છો:
દેવા અઘ હરવાની તમને, ચેતન અસબ્દને ચરતા છો:
અરજ ભગવંતને કરીએ; સુભ અરથ સરતા છો
દાસ રેવો કહે નમી, અંબા સુત બુધ્ધ ભડતા છો.
ઘણા ગુણ કાવ્યમાં આપી, પ્રીતીથી પાસ ફરતા છો.

અથ ગજલ ૨

સદા બાની છે તુ દાતા: હા હા જગતની તાતા:
સંભારે કરો સુખ સાતા: હા હા જગતની તાતા
સુરપત સરવે સેવે: માતાજી આપજો બોધે;
કમલ હરહરી પારનાં પાંતા. હાહા જગતની તાતા:
મરાલ વાહની તુછે દેવી કવી કોવીદ સુરેસેવી;
કરૂ કીરતંન છંદ જાતાં, બુધી દો જગતના તાતા.
ભરૂસો ભારતી ભારી; કરજો આનંદ કારી
દાસ રેવો કહે સુભાવાતા: હરો કસ્ટ જગતની તાતા:

અથ કીરતન ૩

જમકા અજબ ઝપાટારે, કોઇ ચેતન વાળા ચેતો એ રાગ.
ઝગ ઝગીત ઝગેછેરે, આ મોરલીધરકો મુગટ ટેક
સ્વેત સ્યામ મની નીલ પનાકો; નવગ્રહ નીકે નેક સ્યામ
સ્વેત મે નવરંગ મીલગે; ઉદ્ધવ હોગએ એક ઝ.

મોર બરતો ક્રીસ્નાં બપુક્ષરંગ ક્રીસ્ના મોર કહાત:
એહી મુગટ પર અતી અફુટહે: આભા કહી નવ જાત ઝં ૨
મોતી માણુક મહા તેજહે; સીસ મોતનકે તોરે:
બ્રજલાલકી છબી બનીહે, મન મોહત હે મેરે ઝં ૩
રેવાસંકરકુ દરસન દેજો; ગોવીંદકે ગુણ ગાવે:
ક્રીટ મુગટ ક્રીસ્ના:સીસ દેખી, ભગવત દીલકુ ભાવે ઝધ
ઝધીત ઝધેછેરે ૪

અથ કીરતન ૪

હરી વેણ વાહછેરે હો વનમાં એ રાગ

વાલોજી વાયદેરે ઘેર નાવ્યા; ભરૂસેતો ભગવત દીધા મે જાવા
ચીત મારૂ ચટપટ ચીંતાં મે ચોટ્ટુ; જીવડું બતાવુ ખરે
ખરૂ પોટુ વાલોજી ૧
જુઠડા જીવણને હોબાઈ જોજો મારૂ જોઇ પછે સરવે તમે મોજો.
સત કહુ સામળા વીના નવ ચાલે; ફોગટ ઘરમાં રેવુ કેમ
ફાવે. વાલોજી ૩
બાઈ મને ભોજનીઆં તો ના ભાવે; દાસ રેવાના સામી
ક્યારે આવે વાલોજી ૪

અથ કીરતન ૫ રાગ ઉપરનો

વેણ તો વગાડીરે હો મારે વાલે; નાગર નટવર નદલાલે ॥ વે॰
ઝટ પટ ઝબકીનેરે હો જાગી, ભુલી ભાન બાળક મેલી ને
ભાગી ॥ વેણુતો ॥ ॥ ૧ ॥

ઓવીદ ઘેલાંરે હો બાઈ કીધા, કાજળ કાને સારી હમે લીધા
॥ વેણ તો ॥ ॥ ૨ ॥
ઝાંઝર પેહેરાં કરમાં હો પ્રીતે, ઉર ઉભરાય છે પ્રેમની રીતે
॥ વેણતો ॥ ॥ ૩ ॥
દાસ રેવાના નાથને હોનામી, પ્રેમપ્રેમદા પુજી ઉભી રહી
સામી ॥ વેણ તો ॥ ॥ ૪ ॥

અથ કીરતન ૬ રાગ ઉપરનો

આજે વાલમજી મારે ઘેર આવ્યા, સત પ્રેમની ગાઠડી
સાથે લાવ્યા: આજે ॥
બાઈ હુંતો હેતે બજારમાં હાલી, બત્રીસાં સાખ લેઈ ઘેર
ચાલી ॥ આજે ॥ ॥ ૧ ॥
માંહી મે મસાલો નાખ્યો છેરે માતો: મેલો મે વઘાર તરત
ઘીનો તાતો ॥ આજે ॥ ॥ ૨ ॥
સીરો પુરી માલપુવા કરા મે સારા: લાડવામાં નાખી પુરણ
ઘીની ધારા ॥ આજે ॥ ॥ ૩ ॥
ઢળકતા બાજોઠ દીધા મેઢાળી; ઠીક કરી મેલી કંચનની
થાળી: ॥ આજે ॥ ॥ ૪ ॥
પીરસી રસોઇ પુરણ કરી પ્રીતે, દાસ રેવાના સામી જમાડા
રીતે ॥ આજે ॥ ॥ ૫ ॥

અથ કીરતન ૭ રાગ ઉપરનો

વાલમ સમરે આવો છો તમે વેલા, ભક્તના કામ કરો
છો સરવ પેલા વાલમ ॥ ૧ ॥

દ્રુપતાની વારે ધાયા હો વનમાળી પુરી ચીર સભા ઉગારી પંચાળી ॥ વાલમ ॥ ॥ ૨

ભક્ત કસ્ટ સુધનવાને હો ભારી, તેલ ટાઢુ કરી લીધો છે ઉગારી ॥ વાલ ॥ ॥ ૩ ॥

કીધી પ્રજાપત્રે ભુલમાં ગુનેગારી, નેભામાંથી મંઝાર લીધા છે તારી ॥ વાલા ॥ ॥ ૪ ॥

કપોત કપોતની વ્રક્ષ બેઠા સીધા, સેચાણ પારધીથી બચાવી લીધા ॥ વાલમ ॥ ॥ ૫ ॥

દાસ રેવાના સામી છો હો રંગી, સદાય થાજો હમારા સગી ॥ વાલમ ॥ ॥ ૬ ॥

અથ કીરતન. ૮

વારી જાઉરે લાલા તારા નામનેરે. એ રાગ.

વારી જાઉ રે ભક્ત મણીરામનેરે,
હેતે ઓળખાવો હરીહર ધામનેરે; વારી. ૧
ઓત્ર મુખે મદીર મહારાજ છેરે,
સારા કંચન ઝરીના સાજ છેરે: વારી. ૨
ચોક વચે લેબડો લેહેરો ખાય છેરે,
ઠીક હરીની ચરચા થાય છેરે, વારી. ૩
લેંબ ફરતો ઓટલો સરસ વણો રે,
બીરાજે ગાદીપર તકતો હરી તણો રે; વારી ૪
પ્રેમે પુજા બને છે તાં પ્રીતથી રે;
ચદન પુસ્પ ચડાવે ખરા ચીંતથી રે. વારી. ૫

સવાર સાંજ બે વખત કથા થાય છેરે,
હરી રસ પીવા કોરો જન જાય છેરે; વારી. ૬
જ્ઞાન ખુબીથી સુધારા જ ' ', ,
ધન પુત્ર પરેલ નાથા તણા રે: વારી. ૭
આવક આવે તે હરીહર અર્થમાંરે,
અખંડ દીવો બળે છે ગ્રથમાં રે; વારી. ૮
ભજન પેસો તે પુનમાં જાય છે રે:
સત જન જમી આનંદ થાય છે રે; વારી. ૯
પૈસા પુનનો તે નહી પોતાના કામનોરે,
અરથ મોટો હેતે રામ નામનોરે: વારી. ૧૦
હાવા-પુરસને પુજજો ભાઈ પ્રીતથી રે,
તરવુ હોય તો રેજો સદા રીતથી રે; વારી. ૧૧
દાસ રેવો કહે રૂડીએ રીત રાખજોરે;
અમ્રત સવાદ ભાઈ શર્વ ચાખજો રે; વારી. ૧૨

અથ કીરતન ૯

રાગ ઉપરનો

ધન ધનરે સભા ધરમ રાયની રે,
વ્યાળી ભગતને છે સુખ દાઅનીરે; ધન. ૧
વીધી હરીહર બેઠા છે હેતથી રે.
સુર સરવે ભરાણા રંગ સ્વેતથી, રે. ધન. ૨
ગાદી વૈમાન એક કોર સાર છેરે,
બીજી કોરે જમડા કેરી હાર છેરે: ધન. ૩

જેવી કરણી તેવુ તે તેડુ જાય છેરે,
ઠીક પુન્ય પાપનો ન્યાય થાય છેરે; ધન. ૪
એક કણના સહસ્ર કણ આપસે રે,
હરીભગ્તને પદમી અભે થાપશેરે: ધન. ૫
એટલામાં બે જીવને જમે ઝાલીઆ રે,
માર મારતાં જમ રાય પાસે આવીઅ રે; ધન. ૬
પાપીઆને પુછે ધરમ પ્રીતથી રે,
દાસ રેવો કહે સાસ્ત્રની રીતથી રે ધન ૭

અથ કીરતન રાગ પરજ ૧૦

જીવ જમાપ દેછે જાળવી, પ્રેમે પુછે ધરમ રાય રે;
સૃષ્ટીમાં જઇને તે શુ કર્યુ, અરજી સાચી વદ્યાય રે જી. ૧
મનવો કહે મહારાજજી, મુજપર કરી હરી મેહેરરે;
આનંદે જઈ અવતર્યો, કુળવંત કણબીને ઘેરરે. જી ૨
અઘટીત લાલ નાસ અંદરથુ, પ્રેમે પરણાવી નારરે;
પાંચસાની પેરામણી, તાત લેઈ આવ્યા ઘરબારરે. જી. ૩
મોટી ઉમર મારી થઇ, મરણ પામ્યાં માત તાતરે;
કરવા માંડયો ધંધો કુળનો, કણબી મોટી કયડવા નાતરે જી. ૪
પરણેલી પ્રેમદાને લાવીઓ, મારવા માંડયો મે મારરે;
વણ વાંકે વાંક કાઢીયા, કાઢી મુકી પાડી કારરે; જી. ૫
કારણ જાણી કાઢયા તણું, આવો બીજો મુજ બારરે;
સાતસે લીધા સામટા, નીસે લાવો બીજી નારરે. જી ૬
જુનીના બાપે જાણીઉ, આવો સપાટે એક તારરે;

ફોગટ ફારગતી તણી, હરખે લીધા બે હજારરે જી. ૭
સરવના સરખા લોભથી, છાંડી લીધા સાત નારરે;
અતી સરૂપે હતી આઠમી, પ્રેમે લીધા પાંચ હજારરે. જી. ૮
કન્યા વકરો પાપી કરે, આ વર વકરો કેવાયરે;
લક્ષમીના લોભ કારણે, લાજ ભલે ઉડી જાયરે. જી. ૯
કુટમ નાતને ગણ્યા નહી, ઘરડાને કાઢો ઘાટરે;
બ્રાહ્મણ ભાટ બંધ બે કર્યા, ઠાલો મચાયો ઠઠેરે. જી. ૧૦
અવજસનો બાંધો પોટલો, અમર જાણતો તો કાયરે;
અડધી ઉમરમાં આવી બની, દયા દીલમાં કાંક થાયરે. જી. ૧૧
ગાળો ભાંડી માત તાતને, નીંદા નાતની દીન રાતરે;
કરેલા કર ઘરડા તણા, તોડી નાંખ્યા થઈ કસજાતરે. જી. ૧૨
પુન્ય દાન કર્યું ના પાપરતી, માયામાં મોહ જાળરે;
ઓચીંતાની અગની થઈ, બળતાં બચી ગયાં બાળરે. જી. ૧૩
આંખ્યો ગઈ અન ના રહ્યુ, લક્ષમી લોક લુટી જાયરે;
જમડા લાવ્યા ઝટ મારતા, હવે સી ગતીઓ થાયરે. જી. ૧૪
હુકમ કરો ધ્રમ હેતથી, લોહ થંભ ધખાવ્યો છે લાલરે;
બાથ ભરી જીવ બુમ પાડતો, જમ મારે છે કનકાળરે. જી. ૧૫
પાપીને નરકમાં નાંખીયો, વરસ ચોવી હજારરે;
સાપ વીંછુ કરડે ઘણા, કષ્ટ તણો નહી પારરે જી. ૧૬
આ સાંભળી સાચુ માનજો, કરજો નીતીથી કામરે;
દાસ રેવો રામ આસરે, હરી સમરો રાખી હામરે. જી. ૧૭

અથ કીરતન ૧૧ રાગ ઉપરનો.

બીજો કહે છે સુણો બાપજી, એથી હુતો હું અધીકરે;
મારે બાપો આયા મોહથી, બળવંત ના ધરી બીકરે. બીજો. ૧
જનમ્યો વણીક નાતીમાં જઈ, લોભીલાલ ધર્યું નામરે;
મોટો થયો સાવ આસરે, કરવા માંડયું અવળું કામરે. બી.૨
ભગની સાટે પરણો ભાવથી, નીસે ઘેર લાવો નારરે;
દેવે આપી પાંચ દીકરી, વીવાનો કરયો મે વીચારરે.બી. ૩
કેડણીલ કહાને મોકલા, દેસદેસ રાખી આસરે;
વહુ વરવા વેલા આવજો, આપે વધારે તે પાસરે. બી. ૪
આકસ્મ કુવારા ઉપડયા, પરગટ ગણે ના વેપારરે;
કન્યાની કીધી ઉછામણી, ચાઈ લીધા ચોવી હજારરે. બી. ૫
એમ પરસાણે ચાર વાર આદરયુ, દોકા લેઇને મેં દામરે,
પાંચમી હતી માહ. પ્રાક્રમી, નેણવતી જેનુ નામરે. બી. ૬
વ્રધ વરવા એક આવીઓ, થર થર અગ બહુ થાયરે;
બોલે થોડ મારી બીકમાં, વરસ ચોરાસીની માંયરે. બી.૭
હીમત આપી હું બોલીઓ, ખુસી રહો ડોસા ખાસરે;
વાંધો કસ્માએ નથી વ્રધનો, વધુ જર આપે તે પાસરે. બી. ૮
કાણો ભલે હોય કુબડો, પાંગળો હોય ભલે પાયરે;
ભલે હોય અંધ આંધળો, ભલે ભીખારી થાયરે બી. ૯
કહે કહેરો એ ડોસલો, પુત્ર વના જસે પ્રાણરે;
માત તાત તમે માહરા, ઉરમાં દયા આણરે. બીજો. ૧૦
દયા સાંભળી આવી દીલમાં, વીચાર કરો ઓહી વારરે;

કેપાણ માંડી કારમી, ભલો થઈ લીધા ભારો ભારરે. બી. ૧૧
વારો વાર એક માસમાં, વસ્યો ટોસો વઈકુંઠ વાસરે;
પુનર વીવા ફેર પ્રેમે કરો, નાત વાળે મુક્યો બારરે. ૧૨
દીકરી જમાઈ કર્યા માગતાં, નીતી ના રાખી તલભારરે;
રાખ્યો કુવારો દીકરો, પાપનો ના રાખ્યો પારરે: બી. ૧૩
ગાડી ઘોડા માહા મોજથી, લટકાળો બન્યો લાલરે;
પુનમાં પ્રીતી કરી નહી, કોક આવે પડે કાળરે. બી. ૧૪
ઘણા રૂપીઆ ભેગા કર્યા, રહ્યા નહી રતી ભારરે;
ગુનાની બાંધી ગાંઠડી, આપનો હવે છે આધારરે. બી. ૧૫
નરકમાં ધરમ રાએ નાખીઓ, વરસ બતરી હજારરે;
સાપ વીછુ ડંખ મારતા, કુણ કરે એની વહારરે. બી. ૧૬
નેહ રાખજો નારાયણથી, પુનપર કરજો પ્રેમરે;
દાસ રેવો કે રઘુવર આસરે, નીરમળ રાખજો પ્રેમરે. બી. ૧૭

કીરતન ૧૨ રાતલડી કોની સંગે જાગ્યા એ રાગ

મનુવા આવસે મરવાનુ, મનુવા. એ ટેક.

પડયા સઉ પ્રોતે લક્ષમીની પાસે, અતી દીન દીન વધવાની
આસે; પોટુ પડયુ રેસે ને કાળ ખાસે. મન. ૧
મીથ્યા ભાઈ હવેલી ચણાવી મોટી, ખરૂ માનજે એતો
આખર ખોટી; કરયા તેતો ભાઈ ગુના ભેગા કોટી. મનુ. ૨
આખર આવે પ્રીતીસે સુત પુછે, બાપા સાચુ કે હોને ખા-
નગીમાં શુંછે: આખર કહીસ, એવુ તમોએ કહ્યું છે. મનુ. ૩
કોડી કોઈ પાછળથી નહી આપે, જરૂર જમડા મારી તુને

સંતાપે; આપ્યા વિના પોકારસો અંતે બાપે. અનુ. ૫
દાસ રેવાની અરજી ઉર લાવો, ભગવંત ઉપર કરજો ભાવો;
તોતો થાસે દયાળ ઉપર તુથી દાવો. અનુ. ૫

કીરતન ૧૩

જે ગોવીંદા પરમા નંદા સંતને સુખકારી; એ રાગ.
જેએ શ્રી રામ સુદર સ્યામ અવધકે બીહારી, અવધકે બી-
હારી રામ અવધકે બિહારી જય. ૧
જન્મ લીઓ સુર કાજ, અયોધાકુ તારી;
દસરથકે નંદકી લાએ, બનમાલીપર વારી. જય. ૨
વીશ્વામીત્ર સંગ જાઈ, તાડીકા વીદારી;
ચત્રુભુજ ધનુષ બાણુ ચડાકે, પરણે સીતા નારી. જય. ૩
તાત બચનકે કારન તીકમ, દેસ છોર પરબારી;
કટયો કસ્ટ સબ રૂસીઅનકો, દેવ બંધકો ટારી. જય. ૪
લપેટ દીઓ લંક પતીકુ, વિભીક્ષણ લીઓ ઉગારી:
દાસ રેવો રઘુવરને નમે, સુખ દીઓ સારી. જય. ૫

કીરતન. ૧૪

હરખે હરી ભજી લોરે હાવી તક નહી આવે વળતી એ રાગ
જીવડા જોને વીચારીરે, સી ગત આગળ તારી થાસે;
રામ નામપર રીસ ચડે છે, તને મારતાં કુણ મેલાવસે. જી. ૧
સોનાના ઢોલીઆમાં સુતાં સુતાં, વાયરા ચોફેરના વાસે;
એકે સપાટે તને ઉઠાવી જાસે, જીવ આ લાવી ના સુણાસે.જી.
ચંડા ધાટનો આગળ વસમા, પકડાસો કાળના પાસ;

આપેલુ આવશે સંકટ વેલા, નહી આપેતો તીકમ ત્રાસે. જી. ૩
સમજીશ તો હજી સારૂ થાસે, નારાયણ ભજે પાપ નાસે;
દાસ રેવો કર જોડી કહે છે, હેતે રેજો હરીની આસે. જી. ૪

અથ કીરતન ૧૫

ચાકરી ચાકરી ચાકરીરે કરીલોને પ્રભુ સંગ પ્રીતડી એ રાગ
પ્રીતડી પ્રીતડી પ્રીતડીરે, પ્રેમે કરી લો પ્રભુસુ પ્રીતડી;
રામ રાખસે તારી રીતડીરે. પ્રેમે. ૧
ધ્રુવે કરી છે ધારીને ઉરમાં,
ગયા જગતથી ઝીતડીરે પ્રેમે. ૨
પ્રેહેલાદે પ્રીતી રામપર કીધિ,
હરણાકેસને નાખ્યો વીતડિરે. પ્રેમે. ૩
વીખ વાહાલાજીએ મીરાંનું પીધુ,
ભલી મટાડી ભીતડીરે. પ્રમે. ૪
પતીની લાજે ધાઆ વનમાળી,
ચીર પુરાં કરી ચીતડીરે. પ્રેમે. ૫
બાળ મંઝારી કેરાં બચાવી,
પ્રજાપતીની જોઈ નીતડીરે; પ્રેમે. ૬
દાસ રેવો કહે રામ પરતાપે,
રાખો હરીપર હીતડીરે પ્રેમે. ૭

અથ ગરબો રામ બજરંગીનો.

હાંરે મારા ભીડભંજન ભગવાનરે, રખવાળ રામાછો;
કરયું તમે પ્રેહેલાદનું કામરે, રખવાળ રામાછો.

હેએ રાખસોતો હરી પુરે હમરે રખવાળ રામ છે.
નાથ મથુરાં નગ્રનો, હરણાકેસ અભિમાન; સા ॥
પડો વગડાવો પુરમાંરે, ભજસો નહી કોઈ ભગવાનરે
॥ રખ ॥ તા હઈ ॥ ૧
સા ॥ પેલાદ ફરવા પ્રીતથી, પોતે પુરમાં જાય;
કુંભારવાડે આવીઆરે, તાતો એકજ કોતક થાયરે રખ. ૨
સા ॥ પરજાપતે લેભા ખટકીઓ, મહી મંઝારીનાં બાળ
રામ ભજન રૂડીએ કર્યુંરે, નીકાયાં જીવતાં પ્રાતસકાળરે. ર.
સા ॥ વાલો પેલાદે વરતીઆ લખ્યું પાટીમાં રામનુ નામ
નીસાળ મેતાએ વાંચીઉરે, ધોડી પોચ્યા એ રાયને પ્રામરે ૧ખ.
સા ॥ પીતાએ પેલાદને બોલાવીઆ, સીક્ષા દેછે સાર;
બંધ કરો રામનામ બેટડારે, નહીતો મારીસ તજને ઠારરે. રખ.
સા ॥ કહે પેલાદ કરગરી, રીતે સાંભળો રાય;
મરવુતો એકવાર છેરે, રામનામ મેલુ નવ જાયરે રખ. ૬
સા ॥ ડુંગર ચડાવો દવેસથી, પછાડો કરવા પાર;
બચાવ્યો અગનીમાંથી બાપજીરે, તમે નોધારાના આધારરે. ર.
સા ॥ લોહ થંભ ધખાવીઓ, અગનીમાં કરીઓ લાલ;
પીતા કહે પેલાદનેરે, હવે વડીલ બોલાવ તારો વાલરે. રખ. ૮
સા ॥ પેલાદ પગ અતી થરથરે, નેણે આવ્યા નિર;
અરી થયો પીતા માહરોર, ધાજો નથી રેતી મને ધિરરે. રખ. ૯
સા ॥ કીડીઓ જોઈ થાંભલે, હીમત પેલાદ હાથ;
રામ રટણ રૂદીએ કરૂરે, બેલે આવજો કહી ભરી બાથ

શા ફૂટ ફૂટ થઈ થંભ ફાટિઓ, નિકળ્યા નરસીનાથ;
ઝડપ ઝાલો હરણ્યકેશનેરે, ચીરી નાખ્યો નખ વધારી હાથરે ૨.
શા ા પ્રીતે પેલાદ ઉગારીઓ, ભગતીપર કરી ભાવ;
દાસ રેવો નમી કહેરે, ભજે ન્યારાણ તે થસે ન્યાલરે. રખ. ૧૨

અથ કીરતન ૧૬

તારા ખોગ છે ખારવા વાણનારે. એ રાગ.

નીંદા કરશે તે નરકમાં જાયછેરે,
એને કુટિને જમડા ખાય છેરે; નીંદા. ૧
વાસ મુનિ ઢિમરડીના તન છેરે,
સત માનો અવતાર ભગવંત છેરે, નીંદા ૨
અઢાર પુરાંણ ખટ શાહાસ્ત્ર કરાંરે,
મારગે ચાલેથી જન અનેક તરાંરે. નીંદા. ૩
વિશ્વામીત્ર તો સુત ક્ષત્રી તણારે,
મહા સામ્રથ થયા ના રહી મણારે. નીંદા. ૪
વાલમીક મુનિ હતા ભીલ અંગથીરે,
સુધરી ગયા રૂસીના સતસગથી રે. નીંદા. ૫
દાસ રેવો કહે મોટા વેદવાન છેરે,
જેનુ રાત દીન હરીપર ધ્યાન છેરે. નીંદા. ૬

અથ ઠુમરી ૧૭

બાળુડા રામ બન જાવે, સીયા લછમન સંગ સીધાવે ટેક.
અયોધામે હાય પરી હે, જાય જાય જન જોવે;
કોસલા સુમીત્રા માતુ મીલ, રાજમેહેલમે રોવે. બાળુ. ૧
કઠીન બચન સબ કહે કેગાઇકુ, બોલ બોલ સબ બાની;
કટન ચલે એ કસ્ટ સુરકો, સમજે ઉરમાં જ્ઞાનિ. બાળુ. ૨

રામ લછમન સીયા સંગમે હે, રથ બેઠે હુવે રાજી;
સુમીત સગમે ચલે નગ્રસે, બનકે ભુષણ સાજી. બાજુ. ૩
દુનો દુખ દસરથકુ હો ગયો, કઠોન કસ્ટસે કરાજી;
દાસ રૈવો કહે રામ ઉપર પ્રીતિ તાતકી ઝાઝી. બાજુ. ૪

અથ કીરતન ૧૮

આવોને મારા રઢીઆળા રણછોડરે એ રાગ.

આવોને મારા ઘનશામ ગુણ અવધે સારે;
વદન વીલાસી શામ વપુક્ષ સુંદર વેસારે. આવો. ૧
નેન કમળ દળ નિરખતા અઘ નાસેરે;
કોટિ ભાનુ સમ કીરણ તેજ પ્રકાશેરે. આવો. ૨
અધુર પ્રવાલા જોઈ જોઇને આનંદ આવેરે;
દીપ સરીખી સુભના સીકાતો દીપાવેરે. આવો. ૩
કપોલ મુકુલસા ભાલે તીલક ભળકેરે;
ટોઢી સુંદર જોઇ મનડુ મારૂ મળકેરે. આવો. ૪
કંઝ નલીસા ભુજા ભયને હરનારારે;
ચરણ કમળ તો પ્રેમે લાગે પ્યારારે. આવો. ૫
ઉગ ચરણના નખ જાણે મણી જોતીરે;
રજ ચરણ પરસી ચાલુ પાપ ખોતીરે. આવો. ૬
અંગ' ઉપર ઝરી વાઘા ધર્યા તેજ દારીરે;
કીટ મુગટપર વાલા જાઉછુ વારીરે. આયો. ૭
વન વસીને વાલે કસ્ટ સુરનાં કાપ્યાંરે;
આનંદ લાવી અભેદાન ઘણાને આપ્યાંરે આવો. ૮
મુકુંઠની કરીસા અવાલીને વીદારેરે.
દેવ બંધન કાજ રાવણને તો મારયો રે; આવો. ૯

ભયના હરનાર ભગવંત છો તમે ભારીરે;
સાહ્ય કરોછો વાલા ધનુશબાણ કર ધારીરે, આવો. ૧૦
હેવા હરી મારા મનડાનિ પુરજો આશરે;
દાસ રેવાના ઉરમાં કરજો વાસરે. આવો. ૧૧

અથ રામ રાજીઓ ૧૯

હરી રામ રામરે સ્વરગની નિસરણી તો રામ છે
ચેત ચેત ભાઈરે, બિજુ તે કામ અકામ છે,
હરી રામ રામ રે હરી રામ રામરે ૧
હરી રામ રામરે લંકા હતી સોના તણી,
મહીપતી મુકીરે ચાલ્યો દશ સીશનો ધણી; હરી. ૨
હરી રામ રામરે મોટા મોટા તો મારથી;
ચાલા ચડવડીરે, કોઇએ ના થયુ એનું શારથી. હરી. ૩
હરી રામ રામરે, ભગતી ભરૂસે તું આવિઓ;
સો દેઇશ જબાપરે, ફોગટ ફંદમાં ફાવીઓ. હરી. ૪
હરી રામ રામરે, ઓચીંતો તને ઉપાડસે;
કુણ કરસે સંભાળરે, મારતો જમડા મારશે; હરી. ૫
હરી રામ રામરે, રામ ઉપર રતી રાખજો;
રેવો બારોટ કહેરે, અમ્રત સ્વાદને ચાખજો;
હરી રામ રામરે, હરી રામ રામરે. ૬

અથ કીરતન ૨૦

અવધ બિહારી સુંદર સામ શરીરા. એ રાગ
ધનુશ ધરન કર કંઝ અવધેસા,
કર અવધેસા રઘુકુલ વેસા ધનુશ.

વીશ્વામીત્ર કે સંગ ચલાએ;
તાડીકાકે પ્રાણ હર લીએ તેસા, ધનુશ. ૧
ગઉતમ શ્રાપ ઉપ લખની નારી,
ચરન રજસે ઉગાર લીએ એસા; ધનુશ. ૨
જનક ભોવન ત્રબક તોર ડારે,
બાહે જાનકી રઘુનાથ નરેસા ધનુશ; ૩
રવસંગ કહે રામ અયોધ્યા આએ;
જાનકી સહીત લે સગ સેસા ધનુશ, ૪

અથ કીરતન ૨૧ રાગ ઉપરનો.

કમલ નયન લછમન કે હો વીરા,
લછમન વીરા હરે સબ પીરા. કમલ.
સીશ મુગટ ભાલ તીલક બીરાજે,
અસુર હરે કરસે છોડ તીરા; ક. ૧
અધુર પ્રવાલ અનારસ ડસન હે,
ઓદ્રબડ ધારણ અતી ધીરા; ક. ૨
કંઠ ઝધત હાર માણક મોતી,
કરણ કુંડળ મે હલકે હીરા. ક. ૩
ચરન કમલ રવ સંગ નમી પુજે;
સુભાવકે સામી બડ સીરા. ક. ૪

અથ કીરતન ૨૨ રાગ ઉપરનો

કસ્ટ કટન કંઝ નેન કનૈઆ, નેન કનૈઆ આનંદ લૈઆ;
ગોવીંદ ગૌવન હુવે ગોવારે, ખુબ મહીમા ખનખનૈઆ ।। ક. ૧
પુતનાકે પ્રાણ હરકે લીનો, ચુસ ચુમકે દંતસે ચવૈંઆ. ।। ક૨.

દુબકી કાલીદ્રી કીનારે દીધી, નાગ કાલીકુ નાથ નથૈઆ ॥ક.
કરજોરી રેવ સંગ કહાવે, પુરન સુખ આપનામસે પૈઆ. ॥ક.૪

અથ કીરતન ૨૩ રાગ ઉપરનો.

નંદ નંદન હો કાનન કુંઝ વાસી, કુંઝકે વાસી આનંદરાસી; નં.
બેન બજાકે મોહ મીચાયો, આવત સબ દરસનકે આસી નં.
પંડવ કેસંગ પ્રીત અતી કીનો, ચીર પુરી દ્રુપતા કોઉ જાસી;નં.
ગીરીકુ તોળકે ગોપ બચાયો, એક અંગુરીસે લીનો ઉઠાસી. ન.૩
રવસંગ કરજોરી કહાવે, ન્યારા ન મીલે અઘજાય નાસી. નં. ૪

અથ કીરતન ૨૪

ઓધવજી સંદેસો કેજો સ્યામને. એ રાગ.

સ્વરગ ભોવન 'સરજુદાસ સધારીઆ,
વૈકુંઠમાં વાલો જોઈ રહ્યા છે વાટજો. સ્વરગ.
ભગતના ઉપર ભાવ ઘણો ભગવંતને;
અવળા સુધા કરે છે મારગ ઘાટજો. સ્વરગ. ૧
મુક્ત સહીત તાં સરવે સુર ભેગા થયા;
વૈમાન સજાવી મોકલ્યુ એણી વારજો.
ધરમ હુકમથી ધસમસ વૈમાન ચાલીયું;
આવ્યું અમદાવાદ વાડીગામ નીરધારજો. સ્વરગ. ૨
ભેખ ભરાયો ભરપુર ત્યાં ભાવથી,
વીસ્નવ આવી કરે છે સ્યામીનુ કામજો;
સરવ પુરૂષને પાસે પોતે બોલાવીઆ,
સીસને કેહેછે સરવ લેજો હરીનું નામજો. સ્વરગ. ૩
સતનો નાતો સર્વ ઉપર સુખનો,

પ્રીત પ્રભુપર રાખજે હ્રદઇએ હામજો;
સ્યામી નમીને સુભ વચન કે સંતને;
ઓળખે એને કેહેજો હમારા રામ રામજો. સ્વરગ. ૪
હલ મલ કરી બેઠા વૈમાન હેતથી,
તીકમ ઉપર ઉર થયું છે એક તારજો;
એકે સપાટે વૈમાન ચાલ્યું આકાસમાં;
વેગે તેને જાતાં ના લાગી વારજો. સ્વરગ. ૫
ઓહંગ સોહંગ જાપ જપે છે જાળવી,
આનંદે છે ઈસ્વર મળવાની આસજો;
દરશન જઈ કર્યાં છે સરવે દેવનાં,
વાલે આપ્યો છે પોતે વૈકુંઠ વાસજો. સ્વરગ. ૬
સંવત ઓગણી અડસઠ કેરી સાલમાં,
કારતક વદી તીજ તીથી તેજ વાર જો;
એરે દીવસે સરજુ સરગ સધારીઆ;
વેગે જાતાં લાગી નહી કાંઇ વારજો. સ્વરગ. ૭
વીસ હજાર માણસ મળીયુ છે વાહાલથી,
સામીની સત રીતે કરી છે સેવજો;
પાછળ સંત સાધુ જમીઆ છે પ્રેમથી,
પોતે આપતા સદાવ્રત પુનની હતી ટેવજો. સ્વરગ. ૮
કુળ દીપક પ્રગટેલા કપડવી નાતમાં,
પારેખ અમદાવાદી મુકામ પાટડી ગામજો;
દાસ રેવો વીનવે ગુરૂને આસરે,
સરજુદાસે નવખંડ કીધુ છે નામજો. સ્વરગ. ૯

અથ કીરતન ૨૫

ભરૂસાના નાથ તમે છો ભેરૂ. એ રાગ.

હરીહર હરદે લાવી કહો હેતે,
હાંરે વાલા સોભા હરીહર સારી,
અંબા લક્ષમી છે જોડે સુખકારી,
એક દંત માહારૂત છે ગુણ ભારી. હરી. ૧
સીસપે મુગટ સોભે ઘણા સારા,
તેજ ઘણુ ચળકે સોભીત તારા;
પ્રેમે ઝરી વાઘા લાગે પ્યારા. હરી. ૨
આલાદે મુખે તો મંદીર બીરાજે;
ગ્રેહ ગ્રેહ કીને છડીદાર ગાજે;
છટા આરતી વખત ખુબ છાજે; હરી. ૩
બન્યો લુણસાવાડામે હેવો ધામ,
મંગળ સેઠના દવાખાના સામે;
સ્વાર સાંજ બેઉ વખત રંગ જામે. હરી. ૪
કથા મણીરામ ભકતજ કરે છે,
પાપી જનના એતો પાપ હરે છે;
ક્રોડો માણસ ભગ્ત કેડે ફરે છે. હરી. ૫
ધન ધન નાથા પટેલના તંન,
ઉજમ બાની કુખે જનમાછો રતન;
ભાવ કરીને ભજો છો ભગવંન હરી. ૬
વેહુ વૈસ જાતીમાં છો વીવેકી,
ખરા કુળ તારણ કપડવા ટેકી;

વસ્યા હનમાન પોળમાં નેકી હરી. ૭
જન્મ તીથી મણીરામની જાણુ,
સવત ઓગણી બત્રીસ પરમાણુ;
વૈસાક સુકલ તીથી તીજ ટાણુ હરી. ૮
કવી કોવીદ સમ એમની વાણી,
ઘણી વિદવાનોએજ વખાણી;
જુગતાઈ ભજન ભાવથી જાણી. હરી. ૯
કહે દાસ રેવો સતસંગ કરજો,
ધારી હરીહરને રૂદીએ ધરજો;
ભગતી કરી ભવસાગર તરજો. હરી. ૧૦

અથ કીરતન ૨૬ ગરબો કલીયુગનો.

ભજન ભુલી ગયારે કળીમાં અ્રદ કરે અવળાં કામ. ભ.
હોટલ ઉપર હેત ઘણેરૂ, ચાહાથી ચીત લલચાય;
ખુરસી ઉપર બેસે ખુસીથી, ઉરમાં આનંદ થાય. ભજ. ૧
વરણાગીમાં વાળનો ગુછો, ઘરાણામાં ઘડીઆળ;
રામ નામપર રીસ ચડે છે, રામાનો રઢીઆળ. ભજ. ૨
કોટ પાટલુન માથે ટોપી, બહુ સારા પગ બુટ;
છતરી લેઇને છકમાં ચાલે, કુટકેલ હૈયાનો ફુટ; ભજ. ૩
સ્વાન પટો તો કંઠમાં સોભે, ઠીક બકરીસા થાન;
ખમીસ જાકીટથી ખુસી રહે છે, ભુલી ગયો કુળ ભાન. ભ. ૪
પાપના ઉપર પ્રેમ ઘણેરો, પુન ઉપર નહી પ્રીત;
માત તાતને ગાળો ભાંડે, ચાલે અવળી રીત. ભ. ૫
બરંડી ઉપર બહુ સોખ છે, પ્યાલા ઉપર પ્યાર;

ભક્ષ અભક્ષ કરે પ્રેમેથી, ઘણા બને ગુનેગાર. ભ. ૬
વેસ્યાને ઘેર વાસો રહે છે, લક્ષ્મી ખઈ જાય લોક;
લાલના ઘરમાં લાહ ફરે, પછે બાયડી મેલે પોક. ભ. ૭
પોલકાં પેરી ફરે નારીઓ, સુખે ઉઘાડે સીસ;
ભરી સભામાં ભાસણ કરે, તોય નરને ચડે ના રીસ. ભ. ૮
વીસ પચીસને તીસ વરસની, ભામની ભણવા જાય;
પુરસગમે તે પાસ આવે તો, નીસે નારી તેની થાય. ભ. ૯
પુત્રી પુરસને પ્રસ્ન કરીને, પરણે રાખી પ્રીતી;
માત તાત ઘણાં ખુસી થાય છે, રહી ના કુળની રીતી. ભ.
ભામની પાસે ભાયડો ભાળીને, જોઈ નર જાય છે નાસી;
બારણુ વાસીને બાર ફરે છે, વધુ સુ કહુ વ્રજવાસી. ભ.
ધનવંત સુધરી આધારી, ભણા ગણા બાહુ ભાવે;
બ્રાહ્મણ ક્ષત્રી વૈસ મળીને, ભંગી ભેગુ ખાવે. ભ. ૧૨
માત તાતને મારે બુટથી, મગજનો મસ્તાન;
આલવુ તો જીવ સાટે આદર્યું, ભુલી ગયો કુળ ભાન. ભ. ૧૩
રજ મોહ હતો તેતો રોવા બેઠો, નાર જમો કરે રીસ;
પવૈઆની રીત પુરસ આદરી, સુ કરવુ જુગદીસ. ભ. ૧૪
સોમ ભેગા થઈ મારે સપાટા, દાતાર કોક દેખાય;
પુન દાનપર પ્રીત નહી ભાઇ; ધરમ ધકા ખાય. ભ. ૧૫
રાજ ગાદીપર રાજા બેસી, ધરમ બધાને ઢંઢોળે;
નીસે તેતો નરકમાં જાસે, બાપનુ આપેલુ બોળે. ભ. ૧૬
વડીલોએ વીચાર કરીને, ઠરાવો નબળો ઠામ:
સોમભેગે થઈ છાપી ચોપડીઓ, મોકલી ગામે ગામ. ભ૭. ૧

નાતી નાતીના સમાજ મળીને, બતાવે અવળા બોધ;
પોતાનુ કરી પારકાને મારે, કોઇએ ના લીધી સોધ. ભ. ૧૮
મોટાનુ અપમાન આદરે, ખોટપમાં નહી ખાલી;
મુકે નહી મરતાંઅ સુધી, ઝડપ વાત જે ઝાલી. ભ. ૧૯
હકવાળા ના હક તોડવા, સારી લીધી છે સંભાળ;
નાતને સમજાવી નવુ કરે છે, કન્યાનો પાડો કાળ. ભ. ૨૦
કુળવાનનાં કુળ બંધાયાં, કરયાં ખરચ ધયડે કેવાં;
બંધ કરયું આ સમામાં બાધુ, થઈ જસે આગળ જેવા. ભ.
ગજબ ઘણો તોડે પ્રભા ગંગાનો, તીકમ બતાવસે તાપ;
ઢાઢાં મરેલાંને ઢેડ ઢસરડે, એમ બારમા વીન જાય બાપ. ભ.
કન્યા વિકરે ઘણાં કરે છે, જુલમ જોયો નવ જાય;
વર ચાંલેએ જુલમ વરતાવો, ફારગતીના રૂપૈઆ ખાય. ભ.
કમ જાતી જે કરમી બન્યા છે, કુળનો પાડે છે કાર;
સો ઘોડે લુટાય નહી નાગો, એને કાઢજો જમને દવાર. ભ.
વૈસ નાતીતો ઘણી વિવેકી, ટેક રાખણ્ ગુણ તેસી;
એક ગામ છે કણબી કેરૂ, ખાસી કરયાં આખલા એસી. ભ.
સાચુ નામ ભગવતનુ સાધો, માહા વાત છે મોટી;
વૈકુંઠવાસી અંતે આવશે, ખરી માયા છે ખોટી. ભ. ૨૬
સરવે વાતનુ સુખ પામશો, વાલો જો વરતાશે,
સુજન પુરસ તો સમજી લેસે, ગોલાં ગોથાં ખાસે. ભ. ૨૭
ભાવે રેવો ભગવતને કેછે, રઘુવર મોટા રામ:
સારૂ કરનારનુ સારૂ કરજો, દેજો નબળાને ઠામ. ભજ. ૨૮

અથ ગરબો રાગ પુનમ ચાંદની ૨૭

સારો લાવો લેવો સેવો સીઆવર સામનેરે,
રૂદીએ રટ રટ રટતુ રઘુવર સીતારામ,
આનંદે અવધ બીહારી જન સુખકારી ઉર આદરોરે;
સા ॥ રામ અજોધ્યા નગ્રમાં, લીજ મનુજ અવતાર;
દસરથ નંદન દેવ રૂપ, કોસલ્યા માતા સાર;
લક્ષમણ, ભ્રથ, સત્રુધન ભાઇ ચારે પ્રગટીઆરે;
સુમીત્રા કેગાઈ કોસલ્યા છે ત્રણે માત. ॥ આનંદે. ૧
સા ॥ માત તાત મહા હરખમાં. હરખી વરણ અઢાર;
અમર લોક આનંદમાં, સુમન વરસાવે સાર;
ભુદેવને ભય મટાડવાના ભાવથીરે,
રૂદીઆ કમળ પ્રફુલીત જોઈ રામ અવતાર. ॥ આનંદે. ૨
સા ॥ અનુજ ચાર મોટા થયા, આભા અધીક સોહાય;
વિસ્વામિત્ર તાં આવિયા, બેઠા દસરથ રાય;
રૂસીની સેવા બજાવી રાજાએ ઘણા પ્રેમથીરે.
હુકમ કરો સામી તમે રાખી મુજપર હેત. ॥ આનંદે. ૩
સા ॥ અગ્ન કરવો આનંદથી, અસુર વીતાડે આમ;
રામ આપો રાજી થઇ, આનંદ વરતી થાય;
રાએ રામ લછમનને તરત ગુરૂને આપીઆરે,
વીસ્વામીત્ર વનમાં થઇ, આવ્યા પોતાને ધામ. ॥ આનંદે.૪
સા ॥ તાડીકા સુબાહુને, મારયાં એકજ બાણ;
અગ્ન પુરાણ આનંદથી, નીસ્સે કરો નીરવાણ.
પ્રેમે જનક પુરીમાં, જાવા ચાલ્યા વાટમાંર;

ચરણ રજ થકી તે, અહીલા બનીછે નાર. ા આનંદે. ૫
સા ા જનક પુરી આવા જરૂ, અવનીપ બેઠા અપાર;
ધનુસ ભંગ કરયુ ધારીને, પરણ્યાં સીતા નાર;
પ્રીતે પરણીને નગર અજોધ્યા આવીઆરે,
સઉને વરત્યો ઉરમાં આનંદ અપાર. ા આનંદે. ૬
સા ા તાત વચનને કારણે, રામ લછમન ચાલ્યા વન,
સીતાજી છે સાથમાં, દેવ બંધન છોડવા મન;
પોતે ગઆતા વન, સીતાને રાવણ હરી ગઓરે;
રામ લછમન સોધતાં સોધતાં, ચાલ્યા વન. ાઆનંદે. ૭
સા ા કીસકીંધા નગ્રમાં આવીઆ, સુગ્રીવ કીધો મીત્ર;
વાળીને તો વધ કરયો, ચાતુર ધારી ચીત;
મેળવી ફોજ તાંહાંતો માહા મરકટ ભાલુ તણોરે,
સજીને સામી આવ્યા છે સીંધુને તીર. ા આનંદે. ૮
સા ા ઉપલ પાગ ઉમેદથી, પ્રેમે ઉતરયાં પાર;
જુધ કરીને ઝીતીઓ, રાવણ મારયો ઠાર;
ભભીક્ષણને પાટે બેસારીને, ત્યાં અભે કરયો રે;
સીતા લેઇને આવ્યા છે અયોધા ધામ. આનંદ. ૯
સા ા ગોવદ બેઠા ગાદીએ, રઘુવર કરતા રાજ;
મુખ સરવેને સામટુ, કરે ના કુડુ કાજ;
સીસ નમાવે હેતે રેવો, રૂદે ધરી રામનેરે;
અભે મુગતી આપજો, અજોધા નાથ. આનંદે. ૧૦

૨૮ અથ કીરતન રાગ લાવણી દારૂનુ,

પીસો નામ વઠીનુ પાણી, આબરૂ થસે ધુળધાણી; પીસો.
ચોર ચુગલને ચાહીઓ, લપટ લડાઈ ખોર;

ભીલ જાતી મળા એટલા ભેગા, કરતા આનંદ કોર;
જોઈ આવો ખત્રી જાણી, પીસો. ૧
વસ્ત્ર વીનાની અસુર નારી, વનમાં જોઈ તે વાર;
લાજ વિનાની નીરલજ નારી, બુધીની છે બધાર;
ખર ચરતો આવો ખાણી. પીસો. ૨
એટલાં બાધાં પાસે જોઈ, સ્વાન આવો તાં સાર;
રાક્ષસે આવીને રોળી નાંખ્યાં, ખાધાં લાવી ખાર.
નવ ખાઇને મુવો નાણી, પીસો. ૩
પડી રહયાં છે પ્રીતે મુવેલાં, વીગતે પાસે વાડ;
ખાતર થયુ છે ખુબ ખાંતેથી, ઉગ્યો મહુડો ઝાડ.
જુવો ભાઈ ઉલટ આણી. પીસો. ૪
નીસે મહુડો ફળે નગન થઇ, લાજ ના રાખે લગાર;
એનુ પાણી જે ઓદમાં ઉતરે, નગન થસે નરનાર;
એછે નર મોટી એધાણી. પીશો. ૫
હેલ ભેગા તો સાજના મળીને, નીચ ઉંચ નવ દેખાય;
દારૂ પીવા દુકાનમાં જાયે, સટ પેસતાં છપાય;
સીસપે પટ લેછે તાણી. પીશો. ૬
ભરાવે સીશો ભય મુકીને, મુભ લે હાથ સકોરૂ;
પ્રથમ સોગન દેઇને પાવે, પછે થાશે મોરૂ તોરૂ;
વસમી બોલશે વાણી, પીશો. ૭
સામા સામી અશબ્દ વાપરે, ગ્રહ કીધો લે ગપોંળ;
લાંબો થઈ રસ્તામાં લોટે, ડાઓ બને છે ફોળ;
કરે ઘેર જઈ કજીઆ કાણી, પીશો. ૮
ભાંન વગરનો ભમતો ચાલે, ધંધ મચાવે ઘોડી;

મેણાં મારે માત તાતને ઉભો, ડાપણ જાય છે દોડી;
મનખો અવળો ગ્હો માણી. પીશો. ૯
સગાં વાહુાલાંને તો સાલ ઘણેરૂ, ટાંણુ માંડતાં ત્રાસે;
કરવુ પડે આવેલુ ટાણું, ભટકો ભાઈની વાંસે;
હેતુ થઇને કરે હાણી. પીશો. ૧૦
ટાણાવાળાને ત્રાહ કરાવે, ચીતમાં ચીંતા થાય;
પલક એકમાં ફેરવે પાણી, ઘોડતો બાપડો ધાય;
તોય આપે લાભની લાણી. પીશો. ૧૧
જાળવવો પડે જુગતાઈથી, કરીએ ભાઈ કેમ;
તોય આંગણે આવીને કરે છે, દુધમાઓરે એમ;
સુખે બુધી કરજો સાણી. પીશો. ૧૨
અવળુ સવળુ બોલીએ તો બગાડવાની બીક;
મુજતા અંગે ધણી ફરે છે, આતો કામ અધીક;
બગાડીને કે મુછ તાણી, પીશો. ૧૩
જર ભાળીને જોર કરે છે, ના હોય તારે નાસે:
કસ્ટ વેઠીને રકમ કરાવી, તે વેચે દારૂની આસે.
થીર જીવના રહે ઠાણીરે. પીશો. ૧૪
ઘણા રાજનાં રાજ ગયાં છે, નર મુકી ગઈ નારી;
દશા બદલી નાખે છે દારૂ, વેધુ પીઓ વિચારી,
રજ સમ ગણુસે રાણી. પીસો. ૧૫
રેવો બારોટ તો સર્વને કેહે છે, સારા ખાવાના છે સ્વાદ;
ભવ સારૂ ભગવાને કીધા, ઇસ્વર રાખી યાદ;
ટેકે કબુધી નાખો તાણી. પીસો. ૧૬

રાગ ઉપરનો અફીણનું. ॥૨૯॥

અમલનો કરસો નહી યારી, નીવડશે વાત નઠારી;
વાવ એક છે અઘોર વનમાં, આઠ જીવ છે એમા;
ભુત ભુજંગને ચોર કહીએ મેડક મંઝારી તેમાં;
અસ્વ સંગ છત્રી લેઈ નારી. અ. ૧
અસ્વ પાસ છત્રી નારી મુકી, જળ લેવાને જાય;
ઉતરો વાવમાં આનંદથી, ત્યાં એકજ કઉતક થાય;
ધસો અહી મેડકપર ધારી; અ. ૨
મંઝારીએ સાહ્યો સાપને, ખત્રીને થઓ ખાર,
વછોડવા રાંડયાં તે વેળા, ત્રત કાઢી તરવાર;
વૈકુંઠ પોહોચ્યાં તે વારી. અ. ૩
પડીયોવાંદર વૃક્ષ પરથી, જોઈ મુવેલા જીવ;
દેહ તજી દયા કારણે, સમરી ઉરમાં સીવ;
ખુબ લાગી છે મન ખારી. અ. ૪
પાંચ મુવેલાં તરફડે ત્યાં, ખત્રી ઉર અકળાય;
પાછળ આવી ચોરે મરો, ખત્રી ઉપર ઘાય.
મરતાં ચોરને દીઓ મારી. અ. ૫
નારીએ વાવમાં અસ્વ મરીયો, ભુઈ પડયો જોઈ ભરથાર
કંથ કારણ મુઇ કામની, કરથી મારી કટાર;
નીસ્સે ખેદ કરી પડી નારી અ. ૬
ભક્ષ કરવા ભુત આવીયો, નવે ખાધાં કરી નેહ;
એ સરવના અંગથી, તરત છાટ બની છે તેહ;
ઉછરો અફીણ છોડ ભારી. અ. ૭
પ્રેમ કરીને જે પીએ તેને, નવે વળગે કરી નેહ;
તેજ હઠે તારૂણી ત્રાસે, દેખાય સામ રંગ દેહ;

ગમતમાં થાય ગુનેગારી. અ. ૮
ઉતરે અમલ એડની ઘોડે, પડી રહેછે પ્રાણી.
થર થર અંગ થરકે બહુ, વદે કેમ કરી વાણી.;
હીમત જાય બધી હારી. અ. ૯
નેન નાકમાં નીતરે વારી, લાળ ઘણી મુખ લટકે;
અમલ ઉતારમાં જો કોઇ બોલે, જરૂર આવે છે ઝટકે;
મદ સરવે નાંખે મારી. અ. ૧૦
કળતર અંગમાં ઘણુ કરે છે, છેક છટા ઘણી છાય,
બગાસાં તો બહુ જોર કરે છે, ઇયાદ શકતી જાય;
દેહને કરે એ દુખદારી. અ. ૧૧
પીએ કસુબો પ્રેમ કરીને, ખત્રી શમ ખુંખારે;
અસ્વ શમાને બળમાં આવે, વીધ વીધ બોલ વીચારે;
બુધીની ઘણી પાશે બારી અ. ૧૨
નારીની ઘોડે નાના ઓચરે, પીવા ઉપર પ્રીતી;
ખાર ભંજણુ ખાવા કારણ, મંઝાર વેચે નેન નીત;
કરે ઝટ જોઇ ઝડપકરી અ. ૧૩
નેત્ર વેચે નાગની ઘોડે, ઝોકી પડે છે ઝાઝું;
ચેતન રહે ચીતચોર સમાને ઝપટ મારવા ઝાઝું.
ટેક દેછે બધો ટારી. અ. ૧૪
વાંદરની ગોડે ઘણુ વલુરે, ખરજ વીના નહી ખાલી;
વીવેક વીના દીન વધતો જાય છે. પીયે ભરી ભરી પ્યાલી
શમજોતો કાયા રેહેશે સારી. અ. ૧૫
રેવા બારોટ કે સમજો ભાઇ, એવું હરી ઉપર હેત રાખો
આનંદથી અમરાપર જાસો, અમ્રત સ્વાદને ચાખો
હરીથી પાપ જાસે હારી અ. ૧૬

ાકીદે નાંમ નોધાવો અમુલ્ય તક અતી લા

બ્રાહ્મણને નવિન ઉપયોગી નોવેલ

લલીત પ્રેમ લલનાં.

જેમાં મુરવિર સાગર કુમારનાં મુનિતી રિતા ભરય પ્રાક્રમો બાળા લલીતને આવતી આફત. આફતથી બચાવનાર બાહાદુર સાગર સાગર સંભારતી અરણ્યોમાં આથડતી અતી પ્રેમભીલાશીની પ્રેમભક્ત જેવરે માહાત્મા સોમગીરીનો સાગરને સુબોધ તેમાં ધાર્મીક ગ્રંથોનો ઉપદેસ ને તેથી થયેલા સાગર લલીતનો આનંદ ને હસ્તમેળાપ.

અમદાવાદ
ઠે. સાપુર હલીમની ખડકી
પાસે ભાટવાડામાં.

કર્તા
મણીલાલ માનસંગ
બાગેટ વહીવંચા.